યુનિની આર્ટ્સ ફેકલ્ટી અને જૈન એકેડેમીએ સર્ટિફિકેટ કોર્સ શરૂ કર્યો હતો

# કારેલીબાગ જૈન સંઘમાં જૈનીઝમના વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત થયાં

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

જૈનિઝમ કોર્સના વિદ્યાર્થીઓને સર્ટિફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. એમ.એસ.યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટી દ્વારા જૈન એકેડેમી દ્વારા સર્ટિફીકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં ઉત્તર્ણી થનાર ૪૪ વિદ્યાર્થીઓને લાલબાગ જૈન સંઘ ખાતે સર્ટિફીકેટ એનાયત કરાયા હતા.

જૈન અગ્રણી અને યુનિવર્સિટીના પૂર્વ સેનેટ-સિન્ડિકેટ સભ્ય દીપક શાહે જણાવ્યું હતું કે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટ્સમાં એસકેએસડી જૈન એકેડેમી દ્વારા જૈન તત્વજ્ઞાન ઉપરનો કોર્સ ચલાવવામાં આવે છે. જેમા ચાલુ વર્ષે બે કોર્સ ચલાવવામાં આવ્યા તે પૈકી એક કોર્સ લાલબાગ જૈન સંઘમાં બિરાજમાન મુનિરાજ તિર્થપ્રેમ વિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં ચલાવ્યો હતો અને બીજો કોર્સ કારેલીબાગ જૈન સંઘમાં આચાર્ય રાજહંસ સુરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં ચલાવવામાં આવ્યો હતો. સેનેટ-સિન્ડિકેટ સભ્ય ડો.જીગર ઈનામદાર, ડો દિનેશ યાદવ, ડો શ્વેતા જેજુરકરે, પ્રો. હિતેશ રાવીયા તથા દીપક શાહ દ્વારા વિદ્યાર્થીઓને સર્ટિ એનાયત કરવામાં આવ્યા હતાં.

ONLY AT
10%
LABOUR COST
22 KRT GOLD JEWELLERY
on min. buying of 50 gms
916 - BIS - 22 Kt.
હોલમાર્ક દાગીનાનો આજનો ભાવ
૪૬૪૯૦/- પ્રતિ ૧૦ ગ્રામ
કલામંદિર જ્વેલર્સ લી.
સેવાશ્રમ રોડ, ભરૂચ. 97268 03331